# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૧/૪/૨૦૧૯

તંત્રીશ્રી, __________________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ચેમ્બરમાં કેરીયર ગાઇડન્સ મહોત્સવના દસમા દિવસે વિદ્યાર્થીઓને ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને ડિજીટલ માર્કેટીંગ ક્ષેત્રે કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન અપાયુ

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ છે. મહોત્સવના દસમા દિવસે વિદ્યાર્થીઓને આઇટી સ્પેશ્યાલિસ્ટ શ્રી તેજેશ પટેલે ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને શ્રી ભૌતિક શેઠે ડિજીટલ માર્કેટીંગ ક્ષેત્રે કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

શ્રી તેજેશ પટેલે વિદ્યાર્થીઓને ઇન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે કારકિર્દી ઘડતર માટે બીસીએ/એમસીએ, બીએસસી (આઇટી) / એમએસસી (આઇટી), બીએસસી (સીએસ) / એમએસસી (સીએસ), બીઇ (સીઓ/આઇટી) / એમઇ (સીઓ/આઇટી), બીબીએ (સીઆઇએસ) / એમબીએ (સીઆઇએસ), બીસીએમ / એમસીએમ અને બીટેક (સીઓ/આઇટી) / એમટેક (સીઓ/આઇટી) જેવા કોર્સ વિશે માહિતી આપી હતી. પણ આ કોર્સ માત્ર એવા જ વિદ્યાર્થીઓએ કરવો જોઇએ કે જેઓ સેલ્ફ લર્નર હોય, જેમનામાં પેશન હોય, આજિવન વિદ્યાર્થી રહી શકે, દરરોજ લાંબા સમય સુધી કામ કરી શકે અને રોજના ચેલેન્જીસને ફેસ કરી શકે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આ કોર્સ બાદ નેટવર્ક એન્જીનિયરીંગ, ડેટાબેઝ ડેવલપમેન્ટ ઇન એડમિનિસ્ટ્રેશન, પ્રોગ્રામીંગ એન્ડ સોફટવેર ડેવલપીંગ, ઓફિસ પ્રોડકટીવિટી અને યુઆઇ–યુએસ ડિઝાઇનર્સ તરીકે કારકિર્દી

બનાવી શકાય છે. ભવિષ્યમાં જેનેટીક એન્જીનિયરીંગ, બાયોટેકનોલોજી અને આઇટીમાં આર્ટીફિશીયલ ઇન્ટેલીજન્સ માર્કઅપ લેન્ગ્વેજની ખૂબ જ ડિમાન્ડ રહેવાની છે. તેમણે વિદ્યાર્થીઓને સલાહ આપી હતી કે કોમ્પ્યુટરમાં જે બાબત ગમતી હોય એમાં જ મહેનત કરશો તો ચોકકસ સફળ થશો.

શ્રી ભૌતિક શેઠે જણાવ્યુ હતુ કે, ડિજીટલ માર્કેટીંગ ઇન્ડસ્ટ્રી ઓરીએન્ટેશન ફિલ્ડ છે. જેમાં દરરોજ ફેરફાર થતા હોય છે અને એના આધારે પ્રેકટીસ કરવાની રહે છે. માર્કેટીંગના વિદ્યાર્થીઓ હોય અને ડિજીટલાઇઝેશન આવડતુ હોય તો એમના માટે આ ફિલ્ડમાં મોટું એડવાન્ટેજ છે. જે લોકોના હાથમાં મોબાઇલ છે તેઓ ડિજીટલ માર્કેટીંગના ટાર્ગેટ હોય છે. આ ફિલ્ડમાં ૨૦ ટકા આઇટી અને ૮૦ ટકા માર્કેટીંગ છે. તેમણે કહયુ કે ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટ્વીટર, લીન્કડીન અને ઇમેલ વપરાશકારોને એડવર્ટાઇઝમેન્ટ બતાવવામાં આવે છે. વીડિયોમાં એડવર્ટાઇઝમેન્ટ દેખાય છે. આ આખા સિનારીયોમાં બે ટીમ કામ કરે છે. આઇટીવાળા ડેટા સાયન્સને ઓપરેટ કરી તેને મેનેજ કરે છે. જયારે માર્કેટીંગવાળા ચલણ બનાવીને પ્રોડકટ ડિલીવર કરવાનું કામ કરે છે.

તેમણે વધુમાં કહયુ કે, આ ફિલ્ડમાં અલ્ગોરીધમ સમજાશે તો સારી કારકિર્દી બનાવી શકાય છે. કારણ કે એના માટે કન્ઝયુમરનો અલ્ગોરીધમ સમજીને ઓડીયન્સને ટાર્ગેટ કરવાનો હોય છે. જે વિદ્યાર્થીઓનું સ્ટેટેસ્ટીકસ સારું હોય તો આ ફિલ્ડમાં જઇ શકાય છે. આ ફિલ્ડમાં સર્ચ એન્જીન એક્ષ્પર્ટ, કન્ટેન્ટ એકઝીકયુટીવ, કોપીરાઇટર, કન્વર્ઝન રેટ ઓપ્ટીમાઇઝેશન અને બ્લોગ માટે કન્ટેન્ટ રાઇટર બની શકાય છે.

ચેમ્બરની આઇટી એન્ડ ટેલીકોમ કમિટીના ચેરમેન શ્રી બશીર મન્સુરી અને સાઉથ ગુજરાત એસોસિએશન લાયઝન કમિટીના ચેરમેન શ્રી અમિત શાહે પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાતોએ વિદ્યાર્થીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઇડન્સ મહોત્સવના દસમા દિવસનું સમાપન થયુ હતુ.